# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## આકારણી શાખા

## પ્રોત્સાહક મિલકત વેરા રીબેટ (વળતર) યોજના વર્ષ ૨૦૨૪-૨૫ ની મુદત તા.૦૫-૦૮-૨૦૨૪ સુધી લંબાવવા બાબત

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરા શહેરની હદમાં આવેલી તમામ મિલકતોના સને ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે કુલ મિલકત વેરાની રકમ પાછલા વર્ષોની બાકી રકમ સહ પુરેપુરી એડવાન્સમાં ભરપાઇ કરનાર કરદાતાઓ માટેની એડવાન્સ વેરા પ્રોત્સાહક વળતર યોજના વર્ષ:૨૦૨૪-૨૫ :

- રહેણાંક હેતુ ની મિલકતના પ્રોપર્ટી ટેક્ષમાં ૧૦ % વળતર
- બિન રહેણાંક હેતુની મિલકતના પ્રોપર્ટી ટેક્ષની રકમમાં ૫ % વળતર, તથા
- ઉપરોક્ત બંને કિસ્સામાં એડવાન્સમાં વેરાની રકમ ઓનલાઇન ભરનાર કરદાતાઓને વધુ ૧% વળતર આપવાની યોજના જાહેર કરેલ છે. વધુમાં કોઇ કરદાતાઓ ચાલુ નાંણાકીય વર્ષના મિલકતવેરાની રકમ સદર યોજના દાખલ થતા પહેલાં એડવાન્સમાં ભરેલ હોય તો તેઓને પણ સદર યોજનાનો લાભ આપવામાં આવશે.
- સદર યોજના તારીખ તા.૨૧-૦૬-૨૦૨૪ થી તા.૨૦-૦૭-૨૦૨૪ સુધી અમલમાં હતી તેમાં <u>તા.૦૫-૦૮-૨૦૨૪ સુધી વધારો કરેલ છે.</u>
- કરદાતાઓએ જે તે મિલકતનો વર્ષ ૨૦૨૪-૨૫ નો પ્રોપર્ટી ટેક્ષ આગળના વર્ષોની કોઇ રકમ બાકી હોય તો તેની સાથે ભરે તો જ આ યોજનાનો લાભ આપવામાં આવશે.
- સદર રીબેટ પ્રોપર્ટી ટેક્ષની રકમ પૈકી સામાન્ય કર, પાણીકર અને કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષની રકમ પર મળવાપાત્ર રહેશે.

ઉપરોક્ત યોજનાનો લાભ લેવા તમામ કરદાતાઓને જણાવવામાં આવે છે. મિલકત વેરાની રકમ કોઇ પણ વહીવટી વોર્ડ નં. ૦૧ થી ૧૯ ની કચેરીમાં કામકાજનાં દિવસ દરમ્યાન સવારના ૯.30 કલાકથી બપોરના 3.00 કલાક સુધીમાં રૂબરૂ તથા વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ **www.vmc.gov.in** પર ઓનલાઇન પણ ભરી શકાશે.

પી.આર.ઓ.નં.૨૫૫ /૨૦૨૪-૨૫ મ્યુનિસિપલ કમિશનર